Re-Accredited by NAAC with 'A' Grade
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# –: પરિપત્ર :–

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોલેજો તેમજ યુનિવર્સિટી પરિસર ખાતેના વિવિધ વિભાગોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને જણાવવાનું કે તમામ વિદ્યાર્થીઓ પોતાના ડેશબોર્ડમાંથી લોગીન કરીને તારીખ ૬-૦૧-૨૦૨૨ થી ૧૭-૦૧-૨૦૨૨ દરમ્યાન ટ્રાન્સફર માટેની ઓનલાઇન અરજી કરી શકશે.

૧. વિદ્યાર્થીઓએ vnsgu.net પર જઈ પોતાના એસ.પી.આઈ.ડી નો યુઝરનેમ તરીકે ઉપયોગ કરી પોતાનો પાસવર્ડ નાખી લોગીન કરી પોતાના ડેશબોર્ડ માં જઈ College Transfer Application સિલેક્ટ કરી તેમાં જે સેમેસ્ટર માંથી જે સેમેસ્ટર માં ટ્રાન્સફર મેળવવા માંગતા હોય તે સેમેસ્ટર સિલેક્ટ કરી Apply for College Transfer પર ક્લિક કરવાનું રહેશે.

૨. સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોમાં (એલ.એલ.બી.સહીત) સેમેસ્ટર- ૧ માંથી સેમેસ્ટર - ૨ માં, સેમેસ્ટર - ૩ માંથી સેમેસ્ટર - ૪ માં તેમજ સેમેસ્ટર - ૫ માંથી સેમેસ્ટર - ૬ માં એક કોલેજમાંથી બીજી કોલેજમાં ટ્રાન્સફર માટે અરજી કરી શકાશે.

૩. અનુસ્નાતક કક્ષાએ સેમેસ્ટર - ૩ માંથી સેમેસ્ટર - ૪ માં એક કોલેજ/વિભાગમાંથી બીજી કોલેજ/વિભાગમાં ટ્રાન્સફર માટે અરજી કરી શકાશે {અનુસ્નાતક કક્ષાએ પોતાની જ કોલેજમાં / વિભાગમાં સેમેસ્ટર -૩ માંથી સેમેસ્ટર - ૪ માં ફી ની કેટેગરી (દા.ત. હાયર ફી માંથી લોવર ફીમાં) તથા સ્પેશિયલાઈઝેશનમાં ટ્રાન્સફર માટે પણ આજ અરજી લાગુ પડશે}

૪. ટ્રાન્સફરની ઓનલાઇન અરજીમાં હાલ વિદ્યાર્થીએ જે કોલેજ/વિભાગમાં ટ્રાન્સફર મેળવવા ઈચ્છે છે તે અંગેની કોઈ ચોઈસ આપવાની રહેતી નથી. તમામ વિદ્યાર્થીઓની અરજી મળ્યેથી જે જે કોલેજોમાં બેઠકો ખાલી હશે / ટ્રાન્સફરની પ્રક્રિયા દરમ્યાન બેઠકો ખાલી પડે તે કોલેજો/વિભાઓ પર અરજી કરનાર વિદ્યાર્થીઓને મેરિટના ધોરણે ટ્રાન્સફર ની કાર્યવાહી કરવામાં આવશે.

૫. ટ્રાન્સફરની સંપૂર્ણ પ્રક્રિયા ઓનલાઇન હોય વિદ્યાર્થીઓને નિયમિત (દરરોજ) પોતાનું ડેશબોર્ડ ચેક કરવાનું રહેશે તથા ટ્રાન્સફર અંગેની તમામ સૂચનાઓ અનુસરવાની રહેશે.

૬. સેમેસ્ટર - ૧ માંથી સેમેસ્ટર - ૨ માં ટ્રાન્સફર મેળવવા માટે સ્નાતક કક્ષાએ ધોરણ ૧૨ નું મેરીટ ધ્યાને લેવાશે.

૭. સેમેસ્ટર - ૧ માંથી સેમેસ્ટર - ૨ માં ટ્રાન્સફર મેળવવા માટે અનુસ્નાતક કક્ષાએ ગ્રેજ્યુએશન નું મેરીટ ધ્યાને લેવાશે (અનુસ્નાતક પ્રવેશ સમયે જે મેરીટ ધ્યાને લેવાયેલ હોય તે મેરીટ).

૮. સ્નાતક તેમજ અનુસ્નાતક કક્ષાએ સેમેસ્ટર - ૩ માંથી સેમેસ્ટર - ૪ માં ટ્રાન્સફર માટે સેમેસ્ટર - ૨ નું પરિણામ અને સેમેસ્ટર - ૫ માંથી સેમેસ્ટર - ૬ માં ટ્રાન્સફર માટે સેમેસ્ટર - ૪ ના પરિણામ નું મેરીટ ધ્યાને લેવામાં આવશે.

એકેડેમિક-યુ.જી.-પી.જી/ટ્રાન્સફર/૩૭૬/૨૦૨૨ — ઈ.ચા.કુલસચિવ

તારીખ : ૬-૧-૨૦૨૨

પ્રતિ,

૧. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, યુનિવર્સીટી ના વિવિધ વિભાગોના વડાશ્રીઓ, યુનિવર્સીટી પરિસર ખાતેના સ્વાનિર્ભર અભ્યાસક્રમોના કો-ઓર્ડીનેટરશ્રીઓ તરફ જાણ તથા વિદ્યાર્થીઓ સુધી આ જાણકારી પહોંચાડવા અંગેની વિનંતી સહ.

૨. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોલેજો તેમજ યુનિવર્સિટી પરિસર ખાતેના વિવિધ વિભાગોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી માટે.